# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-12-2024** **Morning : 7.10 to 7.20**

**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1) **નવસારી સહિતના દક્ષિણ ગુજરાતમાં ડાંગરના પાકના નુકસાન બદલ રાજ્ય સરકાર ટૂંક સમયમાં સહાય જાહેર કરશે.**
2) **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરતમાં આઠ જેટલા સાંસ્કૃતિક યોદ્ધાઓનું સન્માન કરશે.**
3) **રાજ્યના 754 પેટા કેન્દ્રો પર આજે રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પરીક્ષા યોજાશે, ST વિભાગે વધારાની બસની વ્યવસ્થા કરી.**
4) **મશરૂ સાડી માટે લુપ્ત થતી કળાને જીવંત રાખનારા પાટણના કલાકારને શ્રેષ્ઠ કારીગરનો પુરસ્કાર એનાયત કરાયો.**
5) **ભારત અને વેસ્ટ-ઈન્ડીઝની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે વડોદરામાં રમાશે.**

-----------------------------------------------------------------------------------------

## KHEDUT MATE JAHERAT

**રાજ્યમાં આગામી સમયમાં નવસારી સહિતના દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં પણ ડાંગરના પાકના નુકસાન બદલ રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં**

સહાયની જાહેરાત કરાશે. નવસારીમાં રાજ્યકક્ષાના કૃષિમેળાના ઉદ્ઘાટન સમારોહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ મુજબ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયા એક્સ પર શ્રી પટેલે લખ્યું કે, “જુલાઈથી સપ્ટેમ્બરમાં થયેલા ભારે વરસાદમાં રાજ્યના સાત લાખ 15 હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને એક હજાર 372 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ત્યારે આગામી સમયમાં દક્ષિણ ગુજરાતના ખેડૂતોને પણ સહાય ચૂકવાશે.

---------------------------------------------------------------------

## PORBANDAR ROADSHOW

ખાણ મંત્રાલયે પોરબંદર ખાતે દેશના સૌપ્રથમ ઓફશોર એરિયાઝ મિનરલ બ્લોક્સની હરાજી પર એક રોડ શૉ યોજ્યો હતો. રાજ્ય સરકારના ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ વિભાગના કમિશનર ધવલ પટેલે આ કાર્યક્રમમાં દેશના ઓફશોર માઈનીંગ સેક્ટરમાં ગુજરાતના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂક્યો અને માહિતી આપી હતી.

(ઓડિયો - ધવલ પટેલ, કમિશનર જિયોલોજી એન્ડ માઈન)

---------------------------------------------------------------------

## CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરતમાં સંસ્કૃતિની રક્ષા માટે યોગદાન આપનારા આઠ જેટલા સાંસ્કૃતિક યોદ્ધાઓનું સન્માન કરશે.

આ માટે રાજ્ય સરકારે 'સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન'ના સહયોગથી સુરતમાં સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારનું આયોજન કર્યું છે.

મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, "ભારતીય સંસ્કૃતિનુ જતન એ ગુજરાતના સ્વભાવમાં વણાયેલું છે. આજના સમયમાં આપણી વિરાસતને જાળવવાની તથા સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધનની તાતી જરૂર છે. આ દિશામાં ઉમદા કામગીરી કરી રહેલા લોકોને બિરદાવીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવે તે પણ જરૂરી છે."

---

## TB MUKT

રાજ્યમાં '100 દિવસ સઘન ક્ષય નાબૂદી ઝૂંબેશ' અંતર્ગત સાતથી 19 ડિસેમ્બર સુધીમાં 16 જિલ્લા અને ચાર મહાનગરપાલિકા વિસ્તારોમાં તપાસ કરવામાં આવી છે. દરમિયાન 33 લાખ 92 હજાર અતિજોખમી વસ્તીનું આલેખન અને ચાર લાખ 42 હજાર લોકોની તપાસ કરવામાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ ગઈકાલે '100 દિવસ સઘન ક્ષય નાબૂદી ઝૂંબેશ' અંતર્ગત રાજ્યોમાં થયેલી કામગીરીની વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.

આ સમીક્ષામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં થયેલી કામગીરીની માહિતી આપતા જણાવ્યું કે, 34 હજારથી વધુ એક્સ-રે તપાસ પણ કરવામાં આવી છે. તેમજ રાજ્યમાં 10 હજારથી વધુ નિક્ષય મિત્રો દ્વારા 3 લાખ 31 હજાર જેટલી પોષણ કિટનું વિતરણ કરાયું છે.

---

# Botad PGVCL

બોટાદમાં વીજ બચત અને સુરક્ષા અંગે જાગૃતિ લાવવા પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ - PGVCL કચેરી દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા, જેમાં વીજ કંપનીએ લોકોને સોલારનો ઉપયોગ કરી વીજળી બચાવવા અપીલ કરી હતી. આ અંગે PGVCL અધિક્ષક ઈજનેર કે.ડી.નિનામાએ વધુ માહિતી આપી હતી.

(ઓડિયો - કે.ડી.નિનામા, બોટાદ PGVCL, અધિક્ષક ઈજનેર)

---

# VERA NIRIKSHAK EXAM

ગુજરાત જાહેર સેવા આયોગ- GPSC દ્વારા આજે રાજ્યભરમાં રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-3ની પ્રાથમિક પરીક્ષા યોજવામાં આવશે. રાજ્યના 33 જિલ્લાઓના કુલ 754 પેટા-કેન્દ્રો ખાતે યોજાનારી આ પરીક્ષામાં એક લાખ 85 હજાર ઉમેદવારો ઉપસ્થિત રહેશે. આ તરફ ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા આજની પરીક્ષાને ધ્યાનમાં રાખી વધારાની બસ દોડાવવાનો નિર્ણય કરાયો છે. નિગમની યાદી મુજબ, માર્ગમાં જે-તે સ્ટેશન પરથી મુસાફરોને બસમાં લેતી વખતે પરીક્ષાર્થીઓને અગ્રીમતા આપવા નિગમે તમામ વિભાગ અને ડેપોને ખાસ સૂચનાઓ આપી છે.

---

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in /સ્લેશ/ ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝિક

.......................................................

## CR PATIL AGRO TEXTILE CENTRE

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે ગઈકાલે નવસારીમાં ક્લાઈમેટ સ્માર્ટ એગ્રો-ટેક્સટાઈલ ડેમોન્સ્ટ્રેશન સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. સત્તાવાર યાદી મુજબ, આ પહેલ નેશનલ ટેક્નિકલ ટેક્સટાઈલ્સ મિશન- NTTM હેઠળ ટેક્નિકલ ટેક્સટાઈલ્સને પ્રોત્સાહન આપવાનાં ટેક્સટાઈલ મંત્રાલયના લક્ષ્યાંકને અનુરૂપ છે. આ નિદર્શન કેન્દ્ર IOT આધારિત નિરીક્ષણ પ્રણાલિથી સજ્જ છે, જે વાસ્તવિક સમયની સ્થિતિ, પાકની ઉપજ અને વૃદ્ધિની કામગીરીને ટ્રેક કરે છે.

આ પ્રસંગે શ્રી પાટીલે પાકની ઉત્પાદકતામાં સુધારો કરવા, સંશાધનોનું રક્ષણ અને સ્થાયી ખેતીને સક્ષમ બનાવવામાં એગ્રો-ટેક્સટાઈલની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે ખેડૂતોને આ કેન્દ્રની મુલાકાત લેવા અને કૃષિ પરિણામો વધારવા એગ્રો-ટેક્સટાઈલ ટેક્નૉલોજીને તેમની પદ્ધતિઓમાં સંકલિત કરવા પણ અનુરોધ કર્યો હતો.

---

# Mushroo cloth craft of Patan

રાજ્ય સરકાર દ્વારા મશરૂ સાડી માટે લુપ્ત થતી કળાને જીવંત રાખનારા પાટણના મોહમ્મદ ઝુબેર પનાગરને શ્રેષ્ઠ કારીગરનો પુરસ્કાર એનાયત કરાયો છે. ગાંધીનગર ખાતે યોજાયેલા હાથશાળ હસ્તકળા રાજ્ય પુરસ્કાર 2023માં રાજ્યના કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગે પાટણના આ કારીગરને પુરસ્કાર સાથે એક લાખ 51 હજાર રોકડ પુરસ્કાર એનાયત કર્યો હતો. પુરસ્કાર વિજેતા આ કારીગર મોહમ્મદ ઝુબેર પનાગરે પ્રતિક્રિયા આપી હતી....

(ઓડિયો - ઝૂબેરભાઈ પનાગરની)

---

# WOMEN CRICKET

ભારત અને વેસ્ટ-ઈન્ડીઝની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે ત્રણ મેચોની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે વડોદરામાં રમાશે. આ મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે.

ટી-ટ્વેન્ટી શ્રેણીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બાદ સ્મૃતિ મંધાનાની કેપ્ટનશીપમાં ભારતીય ટીમ આ શ્રેણી જીતવા પ્રયત્ન કરશે. મંધાનાએ ટી-20 શ્રેણીમાં સતત ત્રણ વાર 50થી રન બનાવ્યા છે, જે દ્વિપક્ષી શ્રેણીમાં ભારતીય મહિલા ખેલાડીનો એક વિક્રમ છે.

---

## Dahod & Rajkot - District Collector

દાહોદ, રાજકોટ સહિતના જિલ્લાઓમાં ગઈકાલે જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. દાહોદમાં જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જમીન દબાણ, સુજલામ સુફલામ યોજના, મધ્યાહ્ન ભોજન, પાણી પૂરવઠા વિભાગ, શિક્ષણ વિભાગ, આંગણવાડી કેન્દ્ર તેમજ સામુહિક આરોગ્ય માટેના પ્રશ્નો રજૂ કરાયા હતા. આ તમામ પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ લાવવા કલેક્ટરે સૂચના આપી હતી.

આ તરફ રાજકોટમાં કલેક્ટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ખેલ મહાકુંભ, ક્ષય નાબૂદી, જળ સંચય અભિયાન, રેશનકાર્ડનું ઈ-કેવાયસી વગેરે કામગીરીની સમીક્ષા કરવામાં આવી.

તેમજ વિવિધ યોજનાઓ અંગે લોકોને માહિતગાર કરવા કલેકટરે સોશિયલ મીડિયાના માધ્યમનો મહત્તમ ઉપયોગ કરવા વિવિધ વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી.

---

## 10th & 12th Exam late fee

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-10 અને ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની ફેબ્રુઆરી 2025માં લેવાનારી બોર્ડની પરીક્ષાના આવેદનપત્રો લેઇટ ફી સાથે ઓનલાઇન ભરવાની અંતિમ તારીખ લંબાવવામાં આવી છે.

**ધો-10 માટે અંતિમ તારીખ 24 ડિસેમ્બર, જ્યારે ધોરણ- 12 વિજ્ઞાન પ્રવાહ માટે 23 ડિસેમ્બર સુધી ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી છે.**

---------------------------------------------------------------------